પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતનાં નામ. ગુજરાત હાઈકોર્ટનાં જજમેન્ટમાં નિર્દેશ કર્યા મુજબનો હુકમ.

ગુજરાત સરકાર
હુકમ ક્રમાંકઃ આઈસીડી/૧૦૨૦૧૮/એસસીએ-૧૧૯/બ-૧
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૫/૦૨/૨૦૧૯.

વંચાણે લીધા:

1. નામદાર ગુજરાત હાઈકોર્ટની એસ.સી.એ.નં.૧૧૧૪૮/૨૦૧૪, એસ.સી.એ.નં. ૧૦૧૯૩/૨૦૧૫ થી એસ.સી.એ.નં. ૧૦૨૦૯/૨૦૧૫ અને એસ.સી. એ.નં.૭૨૦૫/ ૨૦૧૫ નાં કેસમાં આપેલ તા: ૧૬/૧૧/૨૦૧૭ના રોજનું જજમેન્ટ.
2. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એસ.સી.એ.નં. ૨૯૦૨/૨૦૧૫, એસ.સી.એ.નં. ૨૯૦૩/૨૦૧૫, એસ.સી.એ.નં. ૨૯૦૪/૨૦૧૫, એસ.સી.એ.નં. ૪૨૩૩/૨૦૧૫ એસ.સી.એ.નં. ૪૨૩૪/૨૦૧૫ નું તા: ૧૭/૧૨/૨૦૧૫ નાં રોજનું જજમેન્ટ. ,એસ.સી.એ.નં.૭૧૨૫/૨૦૧૫નુ તા.૨૨/૧૦/૨૦૧૮નુ જજમેન્ટ
3. નામદાર ગુજરાત હાઈકોર્ટનું એલપીએ ૨૦૯/૨૦૧૭, એલપીએ ૨૧૧/૨૦૧૭, એલપીએ ૨૪૬/૨૦૧૭, એલપીએ ૨૪૭/૨૦૧૭, એલપીએ ૨૪૮/૨૦૧૭ નું તા: ૯/૨/૨૦૧૭ નાં રોજનું જજમેન્ટ.
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૦/૩૩૫૯/બ, તા: ૧૩/૧૨/૨૦૧૧.
5. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૩/૨૫૮૧/બ, તા: ૭/૨/૨૦૧૪.
6. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૩/૨૫૮૧/બ, તા: ૪/૪/૨૦૧૫.
7. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/ ૪૪/મ, તા: ૧૬/૮/૧૯૯૪.

8. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/ ૧૦૨૦૦૭/ ૬૧૫/ મ, તા: ૨/૭/૨૦૦૭.

9. નાણા વિભાગની ઉચ્ચતર પગાર ધોરણ અંગેની સ્પષ્ટતા અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૩/૩૬/મ, તા: ૧૬/૧૦/૧૯૯૩.

પૂર્વભૂમિકાઃ

(૧) શ્રી સુમિત્રાબેન આર.ગામિત બાબતે સંદર્ભઃ (૧) નામદાર ગુજરાત હાઇકોર્ટના ચૂકાદાથી નિર્દેશ આપવામાં આવેલ છે કે તેઓના પ્રથમ ઉચ્ચતર પગારધોરણ સુધારા બાબતની માંગણીઓ અંગે નામદાર હાઇકોર્ટનો એસ.સી.એ. નં.૨૯૦૨/૨૦૧૫નો ચૂકાદો તા.૧૭/૧૨/૧૫ અને તે સાથે નામદાર ડીવીઝન બેંચનો એલ.પી.એ. નં.૨૧૧/૨૦૧૭ ના સંદર્ભમાં તા.૯/૧૨/૧૭ નો ચૂકાદો ધ્યાને લઇ પુનઃવિચારણા કરવી.

(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપર મુજબના નિર્દેશ અનુસાર ઉક્ત અરજદારોને આપવામાં આવેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૧૬૪૦-૨૯૦૦ ના સુધારા અંગે પુનઃવિચારણા હાથ ધરવામાં આવી. નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા આપેલ નિર્દેશ અનુસાર એસ.સી.એ. નં.૨૯૦૨/ ૨૦૧૫, તા.૧૭/૧૨/૧૫ નો ચૂકાદો ધ્યાને લેતાં મુખ્ય બાબતો નીચે મુજબ છેઃ

સદર ચૂકાદા અંતર્ગતના દાવેદારોને તે વખતમાં પ્રથમ ઉચ્ચતર પગારધોરણ તરીકે રૂ.૨૦૦૦-૩૫૦૦ નો ગ્રેડ આપવામાં આવેલ જે ઘટાડીને રૂ.૧૬૪૦-૨૯૦૦ કરવામાં આવ્યો. નામદાર ગુજરાત હાઇકોર્ટના ચૂકાદાના પૅરાઃ ૧૦.૩ મુજબ નાણાં વિભાગના ઠરાવ તા.૨/૭/૨૦૦૭ના નિયમઃ ૨(૧૭) અને નાણાં વિભાગના ઠરાવ તા.૧૬/૮/૧૯૯૪ ની કલમઃ૩(૮) ને એક સાથે વિચારણામાં લેતાં જણાય છે કે ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં આવ્યા પછી ભરતી નિયમોનાં પદાનુક્રમમાં (માળખામાં) સરકારશ્રી દ્વારા જો કોઇ બદલ કરવામાં આવે, નવી જગ્યા ઉભી કરવામાં આવે તો સદર કલમોની જોગવાઇઓ તે માટે લાગુ પડશે નહી. નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઉપરોક્ત અવલોકનો બાદ દાવેદારો પૈકી કેટલાક દાવેદારો રૂ.૨૦૦૦-૩૫૦૦ ના ઉચ્ચતર પગારધોરણનો લાભ લઇ નિવૃત્ત થયેલા છે જે બાબતને ૧૩ વર્ષ જેટલો સમય થયેલ છે તે ઉલ્લેખ કરેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા અગાઉનો નામ. હાઇકોર્ટનો ચૂકાદો એસ.સી.એ. નં.૩૨૪/૨૦૧૦, તા.૧૮/૨/૧૦ નો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે અને જજમેન્ટ આપવામાં આવેલ છે કે આટલાં વર્ષો પછી સદર ઉચ્ચતર પગાર

ધોરણ ઘટાડવું યોગ્ય રહેશે નહિ. જેથી, દાવેદારોને રૂા.૨૦૦૦-૩૫૦૦ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવાનો થાય.

(3) અરજદારની માંગણી બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટની ડીવીઝન બેંચ દ્વારા એલ.પી.એ. નં.૨૧૧/૨૦૧૭ માં તા.૯/૨/૧૭ ના ચૂકાદાનો પણ વિગતવાર અભ્યાસ કરવામાં આવેલ. નામદાર ગુજરાત હાઇકોર્ટના સદર ચૂકાદાના પેરા-૧૯ માં જણાવેલ સામાન્ય અવલોકનો મુજબ સદર દાવેદારને રૂા.૨૦૦૦-૩૫૦૦ આપવામાં આવેલ ઉચ્ચતર પગારધોરણ ૧૩ વર્ષ પછી પાછું ખેંચવું સ્વિકારવાપાત્ર નથી. ચૂકાદાના પેરાઃ ૨૦ માં જણાવ્યા મુજબ ઉકત રકમની વસૂલાત કરવાનો પણ પ્રશ્ન રહેતો નથી. જેથી નામદાર ડીવીઝન બેંચના ચૂકાદા અન્વયે સદર એલ.પી.એ. ડીસમીસ કરવામાં આવેલ છે.

(૪) એસ.સી.એ. નં.૧૧૧૪૮/૨૦૧૪ ના પીટીશનર શ્રી સુમિત્રાબેન આર. ગામિતને વિભાગના સંદર્ભઃ (૪) ના ઠરાવથી રૂ.૬૫૦૦-૧૦૫૦૦ (૨૦૦૦-૩૫૦૦) નું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરેલ હતું. ત્યારબાદ નવ વર્ષ પૂર્ણ થયા તારીખથી નામ હાઈકોર્ટના એસ.સી.એ. નં.૭૬૬૩/૨૦૧૩ ના ચૂકાદા અંતર્ગત ઉચ્ચતર પગારધોરણ આપતી વખતે સંદર્ભ-૭, ૮ અને ૯ માં દર્શાવેલ નાણા વિભાગના ઠરાવ અન્વયે વિભાગના ધ્યાને આવ્યું કે નિયમાનુસાર શ્રી સુમિત્રાબેન આર. ગામિતને રૂા.૧૬૪૦-૨૯૦૦ પ્રથમ ઉ.પ.ધો. મળવાપાત્ર છે. આથી, સંદર્ભઃ (૫) અને (૬) ના ઠરાવથી શ્રી સુમિત્રાબેન આર. ગામિતને રૂ.૧૬૪૦-૨૯૦૦ નું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રીવાઈઝ કરવામાં આવ્યું.

ઉપરની બાબત અંગે પુનઃવિચારણા કરવામાં આવી. તેઓને મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે સરકારશ્રીની ઉચ્ચતર પગાર ધોરણ અંગેની નીતિ અને સરકારશ્રીના ઠરાવો ધ્યાને લેતાં હકિકતો નીચે મુજબ છે:

સરકારશ્રી દ્વારા તા.૫/૭/૧૯૯૧ ના ઠરાવથી તા. ૧/૬/૧૯૮૭ ના રોજ પાછલી અસરથી અમલમાં આવે તે રીતે ઉચ્ચતર પગાર ધોરણ યોજના પ્રથમ વાર અમલમાં મૂકવામાં આવેલ હતી. આ ઠરાવની જોગવાઇ ક્રમાંકઃ ૩, ૫ અને ૭ મુજબ, જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે."

એટલે કે, બે પ્રકારના કેસોમાં અનુસૂચિ-૧ મુજબનુ પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર કરવાનું રહે છે.

તા.૫/૭/૧૯૯૧ નો ઠરાવ મૂળભૂત રીતે રદ કરીને તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં મૂકવામાં આવેલ હતું. તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ ક્રમાંકઃ ૩(૩) મુજબ પણ; જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિઃ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે."

(૫) બાળ વિકાસ યોજના અધિકારીના તા. ૬/૧૦/૮૩ ના ભરતી નિયમો મુજબ બાળ વિકાસ યોજના અધિકારીની પૂરક જગ્યામાં જુદાં જુદાં ધોરણવાળી ચાર જગ્યાઓ છે. જેમાં સોશીયલ વર્કર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), બ્લોક/ ડીસ્ટ્રીક્ટ એક્સટેન્શન એજ્યુકેટર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), પબ્લિક હેલ્થ નર્સ (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) અને મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) નો સમાવેશ થાય છે.

તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની ઉકત જોગવાઇને ધ્યાને લેતાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦) ને તેની બઢતીની જગ્યા ઉપલબ્ધ હોવા છતાં; પણ નિયમો મુજબ અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.

વિભાગે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ના તા.૧૫/૧૨/૧૯૮૯ થી ભરતી નિયમો પ્રસિધ્ધ કરેલ હતા; આ ભરતી નિયમોની જોગવાઇ મુજબ પૂરક જગ્યા તરીકે માત્ર મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) સંવર્ગ જ રાખવામાં આવેલ હતો.

સદર ૧૯૮૯ના ભરતી નિયમોને આધારે પૂરક જગ્યા માત્ર એક જ છે તેમ ગણીને બઢતીનુ પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ મંજૂર કરવામાં આવે તો આ ભરતી નિયમો પ્રસિધ્ધ થયા પહેલાના કેસો કે જેમાં અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર થયેલ છે કે કરવાના છે તેવા સિનિયર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણમાં વિસંગતતા ઉભી થાય. આવી વિસંગતતાઓ ઉભી ના થાય તે માટે નાણા વિભાગના તા.૧૬/૧૦/૧૯૯૩ ના ઠરાવથી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલી છે. આ ઠરાવની સ્પષ્ટતા ક્રમાંકઃ ૧૮ માં એ સ્પષ્ટ કરવામાં

આવેલ છે કે, જે કેસોમાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હતું તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૧૯૮૭ પછી અમલમાં આવી હોય તો પણ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ જ મળવાપાત્ર રહેશે.

ત્યારબાદ તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ ક્રમાંક ૩(૮) માં અને ત્યારબાદ; તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવથી અમલમાં આવેલ યોજનાની જોગવાઇ ક્રમાંકઃ ૨(૧૭) માં પણ જે કેસોમાં અનુસૂચિ-૧ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે તેવા કેસો માટે આ જોગવાઇ વધુ સ્પષ્ટતા સાથે ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપર મુજબની હકિકતે શ્રી સુમિત્રાબેન આર. ગામિતને રૂ.૧૬૪૦-૨૯૦૦ નું ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર છે જે તેઓને સંદર્ભ (૫) અને સંદર્ભ (૬) ના ઠરાવોથી મંજુર કરવામાં આવેલ છે. આ હુકમના ફકરા (૨) અને ફકરા (૩) માં વિચારણામાં લેવામાં આવેલ નામદાર ગુજરાત હાઇકોર્ટના ચૂકાદા સંદર્ભમાં એસ.સી.એ. નં. ૨૯૦૨/૨૦૧૫ અને એલ.પી.એ. નં.૨૧૧/૨૦૧૭ ના કિસ્સામાં અરજદારોને અગાઉ રૂ.૨૦૦૦-૩૫૦૦ નું ઉચ્ચતર પગારધોરણ મંજુર કર્યા પછી ઘટાડીને રૂ.૧૬૪૦-૨૯૦૦ કરવામાં આવેલ. ફકરા નં. (૨) માં ઉલ્લેખ કર્યા મુજબ રૂ.૨૦૦૦-૩૫૦૦ નું ઉચ્ચતર પગારધોરણ મંજુર થયાના ૧૩ વર્ષ પછી તેમાં ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. નામદાર ગુજરાત હાઇકોર્ટના ચૂકાદા મુજબ તેઓનું અગાઉ આપવામાં આવેલ પ્રથમ ઉચ્ચતર પગારધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ ચાલુ રાખવા ચૂકાદો આપવામાં આવેલ હતો. જયારે શ્રી સુમિત્રાબેન આર. ગામિતને ફકરા (૪) માં જણાવેલ હકીકતે સરકારશ્રીના ઉચ્ચતર પગાર ધોરણ નીતિનું અને તે અંગેના ઠરાવોનું ચૂસ્તપણે પાલન કરી રૂ.૧૬૪૦-૨૯૦૦ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ છે.

(૬) શ્રી સુમિત્રાબેન આર. ગામિતને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (રૂ.૧૬૪૦-૨૯૦૦) માં સુધારા અંગેની માંગણી સંદર્ભે નામદાર હાઇકોર્ટના નિર્દેશ અનુસાર પુનઃવિચારણા કરતાં ધ્યાને આવે છે કે નામદાર ગુજરાત હાઇકોર્ટના એસ.સી.એ. નં.૨૯૦૨/૨૦૧૫ અને એલ.પી.એ. નં. ૨૧૧/૨૦૧૭ ના ચૂકાદાના અરજદારોને આપવામાં આવેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની પૂર્વભૂમિકા વિચારણા હેઠળના અરજદારના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ કરતાં જુદી છે. શ્રી સુમિત્રાબેન આર. ગામિતના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં સુધારા કરવાની માંગણી બાબત સરકારશ્રીની ઉચ્ચતર પગાર ધોરણ નીતિ અને તે અનુસંધાને બહાર પાડવામાં આવેલ ઠરાવો ધ્યાને લઇ પુનઃવિચારણા કરવામાં આવેલ છે. જે અંતે સ્પષ્ટ થાય છે કે તેઓને સંદર્ભ (૫) અને સંદર્ભ (૬) ના વિભાગના હુકમોથી આપવામાં આવેલ અનુસૂચિ-૧ મુજબનું પ્રથમ ઉચ્ચતર પગાર

ધોરણ રૂા.૧૬૪૦-૨૯૦૦ સંપૂર્ણપણે યોગ્ય છે. સદર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયા પછી વિચારણા હેઠળના અરજદારના સંદર્ભમાં પગાર બાંધણી થયેલ છે. પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં કોઇ સુધારો કરવાનો થતો ન હોવાથી કોઇ તફાવતની રકમ આપવાની બાકી રહેતી નથી. ઉક્ત પગાર બાંધણી મુજબ નિવૃત્તિ પશ્ચાતના લાભો જેવા કે પેન્શન અને ગ્રેજયુઇટી આપવામાં આવેલ હોઇ તે બાબત પણ કોઇ તફાવતની રકમ આપવાની બાકી રહેતી નથી.

// હુ ક મ //

ઉપર જણાવ્યા મુજબની હકિકતલક્ષી વિગતો તેમજ નાણાં વિભાગની તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ સરખા ક્રમાંકની ફાઇલમાં નોંધ પર મળેલ સૂચના ધ્યાને લેતાં શ્રી સુમિત્રાબેન આર. ગામિતને મંજુર કરવામાં આવેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (રૂા.૧૬૪૦-૨૯૦૦) માં કોઇપણ ફેરબદલ ન કરતાં યથાવત રાખવામાં આવે છે.

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧) અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨) નાયબ સચિવશ્રી, (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪) નિયામકશ્રી, (આઇસીડીએસ) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં. ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી...ભરૂચ..........
૬) જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી,(આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી..ભરૂચ...
૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી ....ભરૂચ.........
૮) શ્રીમતી સુમિત્રાબેન આર. ગામિત ....ભરૂચ....
૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / ગાંધીનગર.
૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
૧૧) નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
૧૨) શાખા સિલેક્ટ ફાઇલ.